# ગુજરાતી GUJARATI

## પ્રસ્તાવના

સમવાયી કાયદાની જોગવાઈ પ્રમાણે શિકાગોના વહીવટી તંત્રે શહેરના એવા પસંદગીયુક્ત વિસ્તારો જ્યાં સ્પેનીશ અને ચાઈનીઝ ભાષાઓ બોલનારા મતદારો બહોળા પ્રમાણમાં વસતા હોય ત્યાં મતદાર નોંધણી અને ગુપ્ત મતદાન અંગેની માહિતી આ ભાષાઓમાં પૂરી પાડવી જરૂરી છે. શિકાગો શહેર માટેના ચૂંટણી કમિશ્નરોનું બૉર્ડ એ તથ્ય પ્રત્યે સભાન છે કે આવા જ અન્ય ભાષાઓ બોલનારા ઘણા સમુદાયો છે જેમને મતદાનની પ્રક્રિયામાં મદદની જરૂર હોઈ શકે. અહીં આપેલી વાચનસામગ્રી શિકાગો શહેરમાં સૌથી વધુ બોલાતી આ ભાષાઓમાં નોંધણી અને મતદાન અંગેની મૂળભૂત માહિતી પૂરી પાડે છે. જ્યાં મતદારો અંગ્રેજી સિવાયની બીજી ભાષા બોલતા હોય એવા ઘણા વિસ્તારોમાં દ્વિભાષી ચુંટણી નિર્ણાયકો છે. આ ઉપરાંત, બૉર્ડ ટેલિફોન પર પણ ઘણી ભાષાઓમાં મદદ પૂરી પાડી શકે છે.

## મતદાન માટેની પાત્રતા

મતદાન માટે જેમનું નામ નોંધાઈ ગયું હોય તેવા લોકો જ મતદાન કરી શકશે. નોંધણી માટે, આગામી ચૂંટણીની તારીખ પ્રમાણે તમારી ઉંમર 18 વર્ષ હોવી જોઈએ અને તમે અમેરિકાના નાગરિક હો એ પણ જરૂરી છે. મતદાર તરીકે નોંધણીની સુવિધા શિકાગોની તમામ પબ્લિક લાઈબ્રેરીઓ તેમ જ 69, ડબ્લ્યુ વૉશિંગ્ટન સ્ટ્રીટ ખાતે બૉર્ડની ઑફિસમાં ઉપલબ્ધ છે; હજારો સ્વયંસેવી ડેપ્યુટી રજિસ્ટ્રાર્સમાંથી કોઈની મદદ લઈને, નેશનલ વોટર રજિસ્ટ્રેશન એક્ટ (એન.વી.આર.એ.) નું ફોર્મ ભરી ટપાલથી મોકલીને તેમ જ સેક્રેટરી ઑફ સ્ટેટના ડ્રાઈવર્સ લાઈસંસ ફેસીલીટીઓનો ઉપયોગ કરીને તમે મતદાર તરીકે તમારૂં નામ નોંધાવી શકો છો. જો તમે નોંધણી વખતે ટપાલથી મત આપવાનો વિકલ્પ પસંદ કરશો તો પહેલીવાર મતદાન કરતી વખતે તમને તમારૂં ઓળખપત્ર રજૂ કરવાનો અનુરોધ કરવામાં આવે તેવી શક્યતા છે.

## "વધારાની મુદત" માં નોંધણી

મતદારોની નિયમિત નોંધણીનું કામ ચૂંટણીથી 28 દિવસ પહેલાં બંધ થઈ જાય છે. જોકે, હવે રાજ્યનો કાયદો ચૂંટણી અગાઉના 27મા દિવસથી 14મા દિવસ અગાઉ સુધીના ગાળા દરમ્યાન વ્યક્તિ જાતે હાજર રહીને મતદાર યાદીમાં નામ નોંધાવી શકે અથવા પહેલેથી જ નામ નોંધાયેલો મતદાર સરનામું બદલાયાની જાણ કરી શકે એવી જોગવાઈ પૂરી પાડે છે. "વધારાની મુદત" માં થતી નોંધણી ફક્ત ચૂંટણી બૉર્ડની ઑફિસમાં સામાન્ય નોંધણી બંધ થયા પછીના બે અઠવાડિયાના સમયગાળા દરમ્યાન જ થઈ શકે છે. આ ગાળા દરમ્યાન નામ નોંધાયું હોય તેવી વ્યક્તિએ ગેરહાજર મતદાનની રીતે જ, જાતે હાજર રહીને અથવા ટપાલથી મત આપવો પડશે. "વધારાની મુદત" વાળા બધાં જ મતપત્રોની ગણતરી બૉર્ડની ઑફિસમાં થશે, અને આ મતદારો પોતાનો મત રદ કરીને ચૂંટણીના દિવસે મતવિસ્તારમાં મત આપી શકશે નહીં.

## તમારૂં મતદાન કેન્દ્ર ક્યાં હશે

શિકાગો શહેરમાં તમામ મતદારોના નામ ચોક્કસ મતદાન કેન્દ્રો પર મૂકવામાં આવ્યા છે. આ મતદાન કેન્દ્રો સામાન્ય રીતે તમારા ઘરેથી ચાલીને પહોંચી શકાય એટલા નજીક હોય છે. તમારૂં નામ ક્યા મતદાન કેન્દ્રમાં છે તે જાણવા માટે, શિકાગો ઈલેક્શન બૉર્ડની ઑફિસમાં 312-269-7900 પર ફોન કરો અથવા અમારી વેબસાઈટ www.chicagoelections.com જુવો. અહીંથી તમને મતદાન કેન્દ્રનું સરનામું, ત્યાં ક્યા પ્રકારની સગવડો છે તેમ જ વિકલાંગ મતદારો માટે ત્યાં પહોંચવું સરળ છે કે નહીં તેની માહિતી મળશે. ચૂંટણીના દિવસે, મતદાન સવારે 6 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી થશે.

## વહેલું મતદાન

કાયદો તમને ચૂંટણી અગાઉના બાવીસમા દિવસથી લઈને પાંચ દિવસ અગાઉના ગાળા દરમ્યાન વહેલો મત આપવાની પણ છૂટ આપે છે. તમે આ ગાળા દરમ્યાન મત આપી શકો છો અને ગેરહાજર મતથી વિપરીત, આ માટે તમારે કોઈ સ્પષ્ટતા કરવાની કે કારણ આપવાની જરૂર નથી. વહેલા મતદાન માટેના મતદાન કેન્દ્રો શહેરના તમામ ભાગોમાં ઉભા કરવામાં આવ્યા છે અને તેમનો વ્યાપક પ્રચાર પણ થાય છે. તમે ભલે શહેરના કોઈપણ ખૂણે વસતા હો, તમે આ વહેલા મતદાન માટેના મથકો પૈકીના કોઈપણ સ્થળે મત આપી શકો છો. વહેલું મતદાન કરનારા મતદારો પોતાનો મત રદ કરીને ચૂંટણીના દિવસે મત આપી શકશે નહીં. વહેલા પડેલા મતોનો ગણતરી માટે સમાવેશ ચૂંટણીના દિવસે મતદાન પતી ગયા પછી જ થશે.

## ગેરહાજરીવાળુ મતદાન

આમ તો કોઈ કારણ આપ્યા વગર વહેલા મતદાનની સગવડ છે જ, છતાં જે મતદારો કાનૂની દૃષ્ટિએ પાત્ર ઠરતા હોય તેઓ ટપાલથી અનઉપસ્થિત મતદાન પણ કરી શકે છે. મતદાનના દિવસે પોતે દેશની બહાર હશે તેવું માનનારા લોકો, બહાર રહેતા કૉલેજના વિદ્યાર્થીઓ, ખોડ-ખાંપણવાળી વ્યક્તિઓ, ધાર્મિક તહેવારોની રજા પાળતા લોકો, પોતાના ઘરના વિસ્તારથી દૂર રહી સેવા આપતા ચુંટણી અધિકારીઓ અને જયુરીની ડયુટી પર રહેલા લોકોનો અનુપસ્થિત મત આપી શકનારા મતદારોમાં સમાવેશ થાય છે. 312-269-7900 પર ફોન કરીને અથવા બૉર્ડની વેબસાઈટ www.chicagoelections.com પરથી અનુપસ્થિત મતપત્રકો મેળવી શકાય છે.

## મતપત્રક માટે અરજી આપવી

તમે ચૂંટણીના દિવસે મતદાન કેન્દ્ર પર જશો ત્યારે મતપત્રક મેળવવા માટે તમારે એક અરજીપત્ર ભરવાનું રહેશે. ચૂંટણી અધિકારી અરજીપત્ર પર તમારી સહીને મતદારયાદી પરની તમારી સહી સાથે સરખાવીને બન્ને સહીઓ મળે છે કે નહીં તે ચકાસી જોશે. સામાન્ય રીતે, મતદાન કરવા માટે તમારે ઓળખપત્ર બતાવવાની જરૂર નથી. પણ જો તમારી નોંધણી સામે વાંધાવચકા કાઢવામાં આવ્યા હોય, તો તમારી પાસે ઓળખના પુરાવારૂપે બે દસ્તાવેજો માગવામાં આવશે; પહેલું, તમારા નિવાસની સાબિતી આપતું ઓળખપત્ર, અને બીજું, તમારે એક સોગંદનામા પર સહી કરવી પડશે કે તમે અત્યારે પણ રજિસ્ટ્રેશનમાં દર્શાવેલા સરનામે જ રહો છો.

ઓળખપત્રો ન હોય અથવા જેમની નોંધણીનો રેકૉર્ડ મતવિસ્તારમાં ન હોય તેવા મતદારો મત આપવા કામચલાઉ મતપત્રો માટે વિનંતી કરી શકે છે. આ મત જુદા રાખવામાં આવે છે, અને ચૂંટણી યોજનાર સત્તામંડળે 14 દિવસોની અંદર મત માન્ય છે કે નહીં તે નક્કી કરી લેવાનું હોય છે.

## મતદાનમાં મદદ

જો તમે અંગ્રેજી વાંચી-લખી શકતા ન હો કે પછી કોઈ ખોડ-ખાંપણ તમને મતદાનમાં નડતરરૂપ બનતી હોય તો તમને મતદાનની પ્રક્રિયામાં જુદા-જુદા રાજકીય પક્ષોના બે ચુંટણી નિષ્ણાતો અથવા તમારી જ પસંદગીના કોઈ સંબંધી કે મિત્રની મદદ મળી શકે છે. જો તમને મતદાનમાં મદદ જોઈતી હોય તો જરૂરી સોગંદનામું રજૂ કરવા સહિતની બાબતો અંગે ચુંટણી નિષ્ણાતોની સૂચનાઓને અનુસરો.

### કેવી રીતે મત આપવો

શિકાગોમાં તમામ મતદારોની જરૂરિયાતો પૂરી કરવાના આશયથી બે પ્રકારના મતદાનની પદ્ધતિ અપનાવવામાં આવી છે. પહેલી પદ્ધતિ એક ઑપ્ટિકલ સ્કેન સિસ્ટમ છે, જેનો દેશમાં સૌથી વ્યાપક ધોરણે ઉપયોગ થાય છે અને મતદારો દ્વારા થતી ભૂલોનું પ્રમાણ પણ આમાં સૌથી નીચું છે. આ સિસ્ટમમાં, તમને એક છાપેલું મતપત્રક આપવામાં આવે છે જેમાં તમામ ઉમેદવારો અને હોદ્દાઓના નામ લખ્યા હોય છે. ઉમેદવારના નામની સાથે જ આપેલા ખાલી એરોમાંથી એક એરો ભરીને તમારે મત માટેની તમારી પસંદગી દર્શાવવાની હોય છે.

મતપત્રકમાં પસંદગી કરી લીધા પછી, તમને મળતી સૂચનાઓ પ્રમાણે તમારે મતપત્રકને સ્કેનરમાં મૂકવું પડશે. સ્કેનર તમારા મતની ચકાસણી કરીને ચૂંટણી પત્યા સુધી તેની વિગતો પોતાની મેમોરીમાં સંઘરી રાખશે. જો તમારાથી કોઈ ભૂલ થાય, દા.ત. એક જ હોદ્દા માટે ઘણા બધાં ઉમેદવારો ભૂલથી પસંદ થઈ જાય, તો એ મતપત્રક નકારી કાઢવામાં આવશે અને તમને નવું મતપત્રક મળશે. મતદાનનો બીજો વિકલ્પ છે ટચ સ્ક્રીન વોટિંગ યુનિટ. આની ડિઝાઈન એ રીતે તૈયાર કરવામાં આવી છે જેનાથી ખોડ-ખાંપણવાળી વ્યક્તિઓ પણ ખાનગીમાં અને કોઈની મદદ વિના સ્વતંત્ર રીતે મતદાન કરી શકે. ટચ સ્ક્રીન, મતદાનમાં પસંદગી માટેના વિકલ્પોને સ્ક્રીન પર અને એક પેપર ટેપ પર દર્શાવે છે. મત આપવા માટેનો અંતિમ નિર્ણય લેતાં પહેલાં તમને બધાં વિકલ્પો ફરી એકવાર જોઈ લેવાની સુવિધા આમાં મળે છે. આ ઉપકરણમાં દૃષ્ટિહીન મતદારો માટે એક કી-પૅડ અને સાંભળી શકાય તેવી શ્રાવ્ય સૂચનાઓનો પણ સમાવેશ કરાયો છે. ઑપ્ટિકલ સ્કેન પેપર મતપત્રકો અને ટચ સ્ક્રીન ઉપકરણો અંગ્રેજી ઉપરાંત સ્પેનીશ અને ચીની ભાષામાં પણ ઉમેદવારોની યાદી પૂરી પાડે છે.

## મતદાન કેન્દ્ર પર ચુંટણી અધિકારીઓ મારી સમસ્યા ઉકેલવામાં મને મદદ ન કરી શકે તો શું કરવું?

ઈલેક્શન સેન્ટ્રલને 312-269-7870 પર ફોન કરો. આ હોટલાઈન નંબર પર બૉર્ડના વકીલો, બૉર્ડના કર્મચારીઓ તેમ જ કેટલીક ભાષાઓથી પરિચિત વ્યક્તિઓ જવાબ આપે છે અને તેઓ તમારી સમસ્યાના ઉકેલમાં તમને મદદ કરી શકશે. ચૂંટણીના દિવસે આ હોટલાઈન ચાલુ રહેશે અને જો જરૂર પડશે તો અમે જે-તે વિસ્તારમાં એક તપાસનીશ અધિકારીને પણ મોકલીશું.

---

## મતદાર તરીકે તમારા અધિકારો

ચૂંટણી કમિશ્નરોનું મંડળ બધા મતદારો માટે તેમના અધિકારોનું એક ખતપત્ર ધરાવે છે. તમને નીચે મુજબના અધિકારો છે:

1. તમારો મત વિઘ્ન અને દખલગીરીથી મુક્ત વાતાવરણમાં આપવાનો અધિકાર.
2. તમે સાંજના સાત વાગ્યા સુધીમાં લાઈનમાં જોડાઈ ગયા હો તો મત આપવાનો અધિકાર.
3. તમારા રજિસ્ટ્રેશન સામે વાંધાવચકા ઉભા થયા હોય કે તમારા રજિસ્ટ્રેશનનો રેકાર્ડ ન હોય તો કામચલાઉ મતના આધારે મત આપવાનો અધિકાર.
4. ચૂંટણી અગાઉના 30 દિવસ કે તેથી ઓછા સમયગાળામાં જ તમે ઘર બદલ્યું હોય તો તમારા જૂના મતદાન કેન્દ્ર પર મત આપવાનો અધિકાર.
5. જો જરૂરી લાગે તો મદદ માગવાનો અધિકાર.
6. મતદાન કેન્દ્ર પર છાપાંમાં આવેલી જાહેરાતો અથવા નમૂનારૂપ મતપત્રકો લાવવાનો અધિકાર.
7. તમારા મતની ગુપ્તતા જાળવવાનો અધિકાર.
8. તમે બરાબર અને વ્યવસ્થિત રીતે મત આપ્યો છે કે નહીં, તેની ખાતરી કરી લેવા માટે મતપત્ર ફરીથી ચકાસી જોવાનો તેમ જ જો કોઈ ભૂલ થઈ હોય કે તમારો વિચાર બદલાયો હોય તો મતદાનની ભૂલ સુધારી લેવાનો અધિકાર.
9. તમારા મતની ન્યાયી અને નિષ્પક્ષ ગણતરીની અપેક્ષા રાખવાનો અધિકાર.
10. તમારા નાના બાળકને મતદાન કેન્દ્રમાં સાથે લાવવાનો અધિકાર.